**આંક –67**

| સેશન્સ કેસ નંબરઃ– 65/2022 | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૫ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | રમેશભાઈ રત્નાભાઈ સોલંકી | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9409472116 |
| ઉંમર આશરે | ૪૦ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | રાણપુરવાસ તા. ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) આજથી ત્રણ વર્ષ પહેલા ડીસા પોલીસે મને પો.સ્ટે.બોલાવીને એક કોરા કાગળો ઉપર મારી સહીઓ લીધેલી. આ સહીઓ શી બાબતની હતી તેની મને ખબર નથી. પોલીસે આ બાબતે મને કોઈ સમજ કરેલી નહી. હું પંચનામા વિશે જાણતો નથી. મે પંચનામામાં રહેવા કોઈ ખુશી દર્શાવેલી ન હતી. પોલીસે મને કોઈ પંચનામુ વંચાવેલુ નહી કે મારી રૂબરૂ કરેલુ નહી. હું કોઈ કલુભાઈ હરચનભાઈ વાઘેલાને ઓળખતો નથી. આ વ્યકિતએ મારી હાજરીમાં કોઈ કપડા કે મોબાઈલ તથા મોબાઈલનું રેકોર્ડીંગ અમારી પંચોની રૂબરૂ રજુ કરેલ હોય તેવુ બનેલ નથી તથા પોલીસે મારી હાજરીમાં મોબાઈલ રેકોર્ડીંગના કોઈ સંવાદો અમારી રૂબરૂમાં સંભળાવેલ હોય તેવુ બનેલ નથી તેમજ પોલીસે અમો પંચોની હાજરીમાં કોઈ બે કોરી ડી.વી.ડી. કેસેટો મંગાવી અને રેકોર્ડીંગ કરેલ હોય તેવુ બનેલ નથી.

મને માર્ક:૧૭/૮વાળું રીકવરી પંચનામુ બતાવવામાં આવે છે, જે પંચનામાના દરેક પાને પંચ નં .૧ તરીકે મારી સહી છે,જે ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ <u>**આંક:૬૮**</u> આપવામાં આવે છે.

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં , સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

એ વાત ખરી નથી કે પંચનામા સમયે આ કામના ફરીયાદી કનુભાઈ હરચંદભાઈ વાઘેલા હાજર હોય અને અમો પંચો રૂબરૂ મરણજનાર પોપટભાઈ હરચંદભાઈ વાઘેલાના

સાહેદની સહી.............................

બનાવ સમયે પહેરેલ કપડા જેવા કે લાલ કલરનું શર્ટ, બનીયાન,રજુ કરેલ હતા. તેમજ પોલીસે અમારી હાજરીમાં સીલ મારી કબજે કરેલા. એ વાત ખરી નથી કે આ કામના ફરીયાદીએ અમો પંચો રૂબરૂ કોઈ મોબાઈલ રજુ કરેલ હતો અને જેનો મોબાઈલ નં.૯૭૨૨૨ ૨૪૪૨૮ હતો. જે મોબાઈલમાં કોઈ રેકોર્ડીંગ થયેલુ હોય અને તે રેકોર્ડીંગ અને તેના સંવાદો પોલીસે અમો પંચોને સંભળાવેલા હતા. જે મોબાઈલની બે સી.ડી. બનાવેલ હોય અને ત્યાં હાજર પોલીસ કર્મચારી રાજેશકુમાર શંકરલાલ મારફતે લેપટોપમાં રેકોર્ડીંગ કરી ફાઈલ લીધેલ હતી અને આ બંન્ને ડી.વી.ડી કેસેટો અમો પંચો રૂબરૂ ફરીયાદીને રજુ કરેલ હતી. એ વાત ખરી નથી કે આરોપીઓને બચાવવા હું સોગંધ પર ખોટી જુબાની આપુ છું.

**<u>ઉલટ તપાસ આરોપી તરફે વિ.વ.શ્રી. એસ.એમ.ચૌધરી</u>**

(૩) ઉલટતપાસ નથી.

**વિશેષ તપાસ નથી.**
**ફેરતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................
સાહેદની સહી

| | |
|---|---|
| | મારી રૂબરૂ, |
| મુ. ડીસા<br>તા. ૦૭-૧૦-૨૦૨૫ | (કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................